ELECTION
IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
Fax No. : 079-23250324
079-23250319

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE

General Administration Department (Election Division)

Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંકઃ ઇએલસી/૪૫૧૫/૪૩૪/છ(સેલ) તા.૨૭/૦૪/૨૦૧૬

પ્રતિ,
સર્વે કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી.

વિષયઃ બુથ લેવલ ઓફિસર દ્વારા કરવામાં આવેલ કામગીરી બદલ પ્રાપ્ત રજા જમા કરવા બાબત.

ઉપર્યુક્ત વિષય પરત્વે અત્રેથી તા. ૧૩/૦૮/૨૦૧૫ના પત્રથી પરિપત્રિત કરવામાં આવેલ સૂચના અંગેની સ્પષ્ટતા કરતાં જણાવવાનું કે, મતદાર યાદી શુદ્ધતા અને અધિકૃતતા કાર્યક્રમ ( NERPAP ) અંતર્ગત તા. ૧૬/૦૪/૨૦૧૫ થી તા. ૧૫/૦૬/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન બુથ લેવલ ઓફિસર દ્વારા કરવામાં કરવામાં આવેલ કામગીરીના બદલામાં પ્રાપ્ત રજા જમા કરવાની રહેતી નથી કે અન્ય કોઇ લાભ આપવાના રહેતા નથી. આમ છતાં કેટલાક જિલ્લામાં મતદાર નોંધણી અધિકારી/ મદદનીશ મતદાર નોંધણી અધિકારી દ્વારા આવા કિસ્સામાં બી.એલ.ઓ.ના ખાતામાં પ્રાપ્ત રજા જમા કરતાં હુકમો કરવામાં આવ્યા હોવાનું જણાતાં આ પ્રકારના હુકમો કરવા બાબતે સ્પષ્ટતા અત્રેથી માંગવામાં આવેલ છે તેમજ આ પ્રકારના હુકમો તાકીદે રદ કરવા સૂચના આપવામાં આવેલ છે, જે ધ્યાને લેવા તથા ઉપરોક્ત સૂચનાઓનો ચુસ્તપણે અમલ થાય તે જોવા સૂચના આપવામાં આવેલ.

ઇન નં. ૫૩૫
વસીનં. ૨૫૫૪

BLO file

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના તા. ૧૩/૦૮/૨૦૧૫ના પત્રથી આપવામાં આવેલ સૂચનાઓ માત્ર મતદાર યાદી શુદ્ધતા અને અધિકૃતતા કાર્યક્રમ( NERPAP ) અંતર્ગત તા. ૧૬/૦૪/૨૦૧૫ થી તા. ૧૫/૦૬/૨૦૧૫ સુધીના સમયગાળા પૂરતી જ લાગુ પડતી હતી. અને તે પણ આ સમયગાળા દરમિયાન કરેલ કામગીરીના કારણે પ્રાપ્ત રજાઓ ઉધારવામાં ન આવે તે પૂરતી જ લાગુ પડતી હતી. એટલે કે શિક્ષણ વિભાગના તા.૪/૧૦/૨૦૧૩ અને તા.૧/૧૧/૨૦૧૩ના પરિપત્રોથી બુથ લેવલ ઓફિસર તરીકે કામગીરી બજાવતા કર્મચારી/ અધિકારીઓને જાહેર રજાના દિવસે બી.એલ.ઓ. તરીકે કામગીરી બજાવે છે ત્યારે તેમને મળવાપાત્ર વળતર રજા આપવા અંગેની સ્થાયી સૂચનાઓ અમલમાં છે અને તે પ્રમાણે કાર્યવાહી કરવાની રહે છે.

વધુમાં, આપના નિયંત્રણ હેઠળના સર્વે મતદાર નોંધણી અધિકારી અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રીઓને સૂચના આપવી કે શિક્ષણ વિભાગના તા.૪/૧૦/૨૦૧૩ અને તા.૧/૧૧/૨૦૧૩ના પરિપત્રોથી બુથ લેવલ ઓફિસર તરીકે કામગીરી બજાવતા કર્મચારી/ અધિકારીઓને જાહેર રજાના દિવસે બી.એલ.ઓ. તરીકે કામગીરી બજાવે છે ત્યારે તેમને આ કામગીરી જે જે જાહેર રજાના દિવસે બજાવી છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ સાથે કામગીરી બજાવેલ હોવાનું પ્રમાણપત્ર શક્ય હોય તો તે જ દિવસે અન્યથા બનતી ત્વરાએ આપી દેવું કે જેથી બી.એલ.ઓ. વળતર રજા જે તે વર્ષમાં ભોગવી શકે.

( બી.બી. સ્વૈન )
મુખ્ય નિર્વાચન અધિકારી,
ગુજરાત રાજ્ય.

Scanned by CamScanner